પેઈજ નં. ૪ — પાણી પ્રશ્ને મહુવા પાલિકાને ઘેરાવ કરી તાળાબંધી કરાઈ

પેઈજ નં. ૬ — મુખ્યમંત્રીની ૧૩૦ દિવસમાં પ્લેનમાં ૧૪ વાર સફર

પેઈજ નં. ૮ — આમિરખાન અને જેમ્સ કેમરૂન ટૂંકમાં જ મળશે


સીટી વોચ

અસ્સલ ગુજરાતી

સંપૂર્ણ ગુજરાતી ઈ-પેપર



colour creation
high court road,
Bhavnagar.



વર્ષ : ૧ અંક : ૨૧૨ તા. ૧૩-૦૩-૨૦૧૦ શનિવાર તંત્રી : હિતેશ રવિયા


# રેપો-રિવર્સ રેપો રેટમાં વધારો થવાની શક્યતા

**ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો થયા બાદ આરબીઆઈ ૨૫-૫૦ બેઝિક પોઈન્ટનો વધારો કરે તેવી શક્યતા : એપ્રિલમાં આરબીઆઈ નાણાકીય નીતિ સમીક્ષા**

નવી દિલ્હી, શનિવાર

ઔદ્યોગિક ઉત્પાદન જાન્યુઆરી મહિનામાં વધીને ૧૬.૭ ટકા થઈ ગયો છે. એક વર્ષની સરખામણીમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં સુધારો નોંધાયા બાદ આરબીઆઈ માટે પણ નવા વિકલ્પ ખુલી ગયા છે.

મેન્યુફેક્ચરિંગમાં જોરદાર તેજી નોંધાયા બાદ આરબીઆઈ તેની એપ્રિલની નાણાંકીય નીતિ સમીક્ષામાં રેટમાં વધારો કરવા વિચારણા કરી શકે છે. વધતાં જતાં ભાવને કાબુમાં લેવાના હેતુથી રેટમાં વધારો કરવા આરબીઆઈ પાસે હવે વિકલ્પો વધી ગયા છે.

ડિસેમ્બર મહિનામાં ઉછાળો નોંધાયા બાદ જાન્યુઆરી મહિનામાં પણ ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો થયો છે. નોમુરા હોલ્ડિંગ સાથે સંકળાયેલા એક ટોચના અર્થશાસ્ત્રીઓએ સોનલ વર્માએ કહ્યું છે કે, રેપો અને રિવર્સ રેપો રેટમાં ૨૫થી ૫૦ બેઝિક પોઈન્ટ સુધીનો વધારો થઈ શકે છે. ઈકોનોમિક રિકવરીની ઝડપથી પ્રેરિત થઈને સરકાર પહેલાથી જ સ્ટીમ્યુલેસ પેકેજ પાછા ખેંચવાની તૈયારી કરી ચૂકી છે. વૈશ્વિક આર્થિક મંદીમાંથી અર્થતંત્રને બહાર કાઢવાના પ્રયાસ થઈ રહ્યા છે.

નાણાપ્રધાને ગયા મહિનાના કેન્દ્રીય બજેટમાં એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કર્યો હતો જેના પરિણામ સ્વરૂપે પેસેન્જર કાર સહિત ઘણી બધી કોન્ઝ્યુમર ચીજવસ્તુઓના ભાવમાં વધારો નોંધાયો હતો.

ફુગાવો ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહ દરમિયાન ૧૭.૮૧ ટકા થઈ ગયો હતો. ફુગાવાને કાબુમાં લેવા માટે સરકાર દ્વારા જુદા જુદા પગલા લેવામાં આવી રહ્યા છે.

# ધો.૧૦ ઉત્તરવહી અવલોકન પ્રક્રિયાનો ૧૫મીથી પ્રારંભ થશે

**ધોરણ-૧૦માં ૮.૭૨ લાખ વિદ્યાર્થી બેઠાં હતા: અમદાવાદના ૧૩ સહિત રાજ્યભરમાં કુલ ૧૭૯ કેન્દ્રો ધોરણ-૧૦નું પરિણામ ત્રીજી જૂનના દિવસે જાહેર કરાશે**

અમદાવાદ, શનિવાર

ધો.૧૦ અને ૧૨ બોર્ડના મુખ્ય વિષયોની પરીક્ષા પૂર્ણ થતાં બોર્ડ દ્વારા તા.૧૫મી માર્ચથી ધો.૧૦ની ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી રહી છે. આ માટે અમદાવાદના ૧૩ કેન્દ્રો સહિત રાજ્યમાં ૧૭૯ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

અત્રે નોંધનીય છે કે, આ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮.૭૨ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં બેઠા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર બોર્ડે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પરીક્ષા અગાઉ ધો.૧૦ અને ૧૨ના પરિણામ માટેની તારીખો જાહેર કરી દીધી છે. જેમાં ધો.૧૦નું પરિણામ તા.૩-૬-૨૦૧૦ના રોજ જાહેર થવાનું છે. આ તારીખને અનુલક્ષીને બોર્ડ ધો.૧૦ ઉત્તરવહી અવલોકન માટેની પ્રક્રિયા વહેલામાં વહેલી તકે આટોપી લેવા માગે છે. જેના ભાગરૂપે મુખ્ય વિષયોની પરીક્ષા પૂર્ણ થતાં બોર્ડે ધો.૧૦ ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા તા.૧૫મી માર્ચથી શરૂ કરવા નિર્ણય કર્યો છે. બોર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર ધો.૧૦ની ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા માટે અમદાવાદના ૧૩ કેન્દ્રો સહિત રાજ્યભરમાં ૧૭૯ કેન્દ્ર નિયત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ તા.૨૦-૫-૨૦૧૦ અને સામાન્ય પ્રવાહનું પરિણામ તા.૨૭-૫-૨૦૧૦ના રોજ જાહેર થશે.


